# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


**તા.૨૧/૦૩/૨૦૨૫ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૭૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી, ૩૨૩ લીટર દેશી દારૂ, ૯૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૭૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૭૯/૨૦૨૫**

**શહેરકોટડાઃ** મનિષભાઇ ચિનુભાઇ દરજી (રહે. મોટી સાળવીવાડ મીઠાપાણીના દરવાજા પાસે સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૩/૨૦૨૫ રાતના ૧૨/૦૦ થી તા.૨૦/૦૩/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.જી.રાઠોડ ચલાવે છે.

**ઈસનપુરઃ** ધુળજીભાઈ નાથજીભાઈ પટેલ (રહે. દુકાન નંબર-૪૫ આબાદ એસ્ટેટ ઈસનપુર) એ તા.૨૦/૦૩/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૩/૨૦૨૫ રાતના ૧૦/૩૦ થી તા.૧૮/૦૩/૨૦૨૫ કલાક ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઈસનપુર ચાર ભુજા ટી નાસ્તા હાઉસ નામની દુકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી બેગ ચોરી કરી લઇ ગઈ હતી, જે બેગમાં રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- તેમજ પાંચ જોડી કપડા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન આર સોલંકી ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૩૮૦/૨૦૨૫**

**આનંદનગરઃ** રેખાબહેન વા/ઓ કનુભાઇ દરજી (ઉ.વ.૫૫) (રહે. વાસુદેવ એપાર્ટમેન્ટ રામાપીરના મંદીર પાસે જોધપુર ગામ આનંદનગર) તા.૨૦/૦૩/૨૦૨૫ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે આનંદનગર જોધપુર ગામ ઝણકાર જવેલર્સ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રેખાબહેન દરજીના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સહીત કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રેખાબહેન દરજીએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી દિપસિંહ અભેસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૮૧/૨૦૨૫**

**વેજલપુરઃ** આરીફઅલી સીકંદરભાઇ શેખ (ઉ.વ.૨૪) (રહે.અલ સુકુનપાર્ક સોસાયટી રાહીલ રેસીડેન્સી બિસ્મીલ્લા બેકરીની બાજુમાં કેનાલ પાછળ ફતેવાડી) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૩/૨૦૨૫ કલાક ૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી